ગાંધીનગર સેક્ટર-૨૭ ના બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર દ્વારા વાસણ ઉચ્ચ માધ્યમિક શાળામાં વ્યસન મુક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમાં શાળાના વિદ્યાર્થીઓએ આજીવન વ્યસન મુક્ત રહેવાની દ્રઢ પ્રતિજ્ઞા કરી. બ્રહ્માકુમારી અંજના દીદી એ ઈશ્વરીય રક્ષાસુત્ર બાંધીને શુભેચ્છા પાઠવી આચાર્ય કિન્નરીબેને તેમને સદાય સફળ થવાના આશીર્વાદ આપ્યા હતા.

સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨૩ ખાતે સુશોભિત ઘટ મંડળ (વાલી આર્ટ) ખાતે હિંડોળા દર્શન યોજવામાં આવ્યા હતા. જેમાં ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. **(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)**

RRU ખાતે રાષ્ટ્રીય સુરક્ષા અને કાયદાની શાળાએ ૧લી રાષ્ટ્રીય મૂટ કોર્ટ સ્પર્ધાનું સમાપન કર્યુ

ગાંધીનગર, તા. ૨૬

RRU ખાતે ધી સ્કૂલ ઓફ નેશનલ સિક્યોરિટી એન્ડ લૉ ગર્વપૂર્વક ૨૩ ઓગષ્ટથી ૨૫ ઓગષ્ટ, ૨૦૨૩ દરમિયાન 'ભારતની આર્થિક અને નાણાકીય સુરક્ષા' થીમ પર અત્યંત અપેક્ષિત રાષ્ટ્રીય મૂટ કોર્ટ સ્પર્ધાનું સમાપન થયું. આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં ભારતભરની વિવિધ સંસ્થાઓમાંથી ૧૨૦ થી વધુ સહભાગીઓની બનેલી ૪૧ ટીમો એક સાથે લાવી, તેમની કાનૂની કુશળતા અને હિમાયતની કુશળતા દર્શાવી.

નેશનલ મૂટ કોર્ટ સ્પર્ધાએ કાયદાના વિદ્યાર્થીઓ માટે તેમની કાનૂની કુશળતા અને કોર્ટરૂમ કૌશલ્ય દર્શાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી. મૌખિક દલીલો રજૂ કરીને અને જટિલ કાનૂની મુદ્દાઓનું વિશ્લેષણ કરીને સિમ્યુલેટેડ કોર્ટ કાર્યવાહીમાં રોકાયેલા સહભાગીઓ. ૧૨૦ સહભાગીઓમાંથી, તે નોંધનીય છે કે ૬૫ (૫૦ ટકાથી વધુ) મહિલાઓ છે, જે કાયદાના ક્ષેત્રમાં મહિલાઓની વધતી જતી રજૂઆતને પ્રકાશિત કરે છે. RRU ખાતેની શાળા ઓફ નેશનલ સિક્યુરિટી એન્ડ લૉ કાનૂની વ્યવસાયમાં લિંગ વૈવિધ્યતા અને સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે અને આ ઘટના તે પ્રતિબદ્ધતાના પ્રમાણપત્ર તરીકે સેવા આપે છે.

આજે ભુવનેશ્વર મહાદેવ ખાતે મહાઆરતી

ગાંધીનગર, તા. ૨૭

શ્રાવણ માસના બીજા સોમવારે તા. ૨૮-૮-૨૩ના રોજ સાંજે ૭.૩૦ કલાકે શ્રી ભુવનેશ્વર મહાદેવની અવિરત હજારો પુષ્પના અભિષેક સાથે મહાઆરતીનું ભવ્ય આયોજન કરેલ છે. તો ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને દર્શન-પ્રસાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

છાલા કાનપુર વિસ્તારમાં ધોધમાર વરસાદ: વિરામ બાદ વરસાદથી ખેડૂતો રાજી રાજી

મઘા નક્ષત્રમાં વરસાદ થતાં ખેતી માટે સોના જેવું પાણી

ચિલોડા, તા. ૨૭

રાજયમાં ઓગસ્ટ મહિનો પુરો થવા આવ્યો હોવાછતાં વરસાદે રીસામણા લીધા છે .ત્યારે એક મહિના ના વિરામ બાદ ગતરાત્રીના છાલા પંથકમાં વરસાદ ની પધરામણી થઇતાં ધરતીપુત્રો માં આનંદ છવાઈ ગયો છે મોટા વિરામ બાદ વરસાદ થતાં મુરઝાતી મોલાત ને ફાયદો થયો છે વરસાદ ખેંચાતા તથા હવામાન ખાતા તથા જયોતિષ ની આગાહીઓ થી નિરાશ થયેલા ખેડૂતો ના મુખ પર વરસાદ થી આનંદ છવાઈ ગયો છે છાલા તથા કાનપુર સહિત ના આજુબાજુ ના ગામો માં વરસાદ અને પવન થી વીજ પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો. ખેડૂતો ના જણાવ્યા મુજબ મઘા નક્ષત્ર માં વરસાદ થતાં ખેતી પાકો માટે વરદાન રૂપ સાબિત થશે. ખેડૂતો ને પિયત ની ચિંતા સતાવી રહી હતી ત્યારે વરસાદ થતાં હાલ પુરતી ચિંતા ટળી જવા પામી છે.

સંત તુલસીદાસજી ગોસ્વામીની ૫૨૬ મી જન્મ જયંતિ નિમિત્તે જલિયા સેવા ગૃપ દ્વારા જલારામ બાપાની પ્રસાદીરૂપે સે-૩૦ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને બિસ્કીટ. ચોકલેટની સાથે અભ્યાસમાં ઉપયોગી જરૂરી સ્ટેશનરીની ચીજવસ્તુઓનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮, ગાંધીનગર દ્વારા

સમર્પણ મુક-બધિર શીશુ વિદ્યા મંદિરમાં રક્ષાબંધનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેક્ટર.૨૮,ગાંધીનગરના પ્રભારી આદરણીય રાજયોગિની કૈલાશદીદીજી દ્વારા અંધ બાળકો ની શાળા સેક્ટર.૧૬ અને સમર્પણ મુક-બધિર શીશું વિદ્યા મંદિર સેક્ટર.૨૮ માં 'નશામુક્ત ભારત અભિયાન' તળે ભાઈ બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનનું આયોજન કર્યું હતું. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા બ્રહ્માકુમારીઝ સાથે ૪, માર્ચ ૨૩ના રોજ 'નશા મુક્ત ભારત અભિયાન' માટે ત્રણ વર્ષના ગાળા માટે થયેલ એમ.ઓ.યુ. અંતર્ગત બ્રહ્માકુમારીઝ અને તેની ભગિની સંસ્થા રાજયોગા એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના મેડિકલ પ્રભાગ દ્વારા રક્ષાબંધનના માધ્યમથી પણ વિદ્યાર્થી બંધુઓ માટે નશામુક્તિથી પોતાનામાં એક નવી જ સમજ અને નવી ઉર્જા સાથે નવજીવનનો સંચાર કરવાના ઉમદા પ્રયત્નો હાથ ધર્યા હતા. જેમાં અંધ બાળકોની શાળા અને મુક-બધિર શીશુંઓને તેમની સાંકેતિક ભાષામાં બુરાઈ/વ્યસન/નશાથી થતાં નુકશાન સમજાવી જીવનમાં તમામ પ્રકારના નાના મોટા નશાથી દૂર રહેવાની સમજ આપવામાં આવી હતી. તેમને ખૂબ જ પ્રેમ પૂર્વક પરમાત્માની યાદમાં ઈશ્વરીય રક્ષા કવચ રૂપ રાખડી બાંધવામાં આવેલ. સાથે પ્રભુ પ્રસાદથી મુખ મીઠુ કરાવમાં આવેલ અને તેઓ સદા નિર્વિઘ્ન બની પ્રગતિના પંથે આગળ વધતાં રહે તેવી પ્રભુને પ્રાર્થના કરવામાં આવેલ. અંધ શાળાના આચાર્ય ભ્રાતા જયંતીભાઈ અને શીશું વિદ્યામંદિર,બન્નેના સંચાલકો અને સ્ટાફને પણ રક્ષાબંધનની ઊજવણી કરી હતી. રક્ષાબંધનના આ ઈશ્વરીય કાર્યક્રમથી અંધ બાળકો, મુક બધિર શીશું સહિત સૌના વદન અનોખી ખુશી અને આનંદથી ખીલી ઉઠ્યા હતા.

રક્ષાબંધન : ગોલ્ડ-સિલ્વરની રાખડી ખરીદવાનો ક્રેઝ

ચાંદી પહેરવાથી મન શાંત રહે છે અને તણાવ દૂર થાય છે, તે માટે હાલ માર્કેટમાં ચાંદીની રાખડીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે

ગાંધીનગર, તા.૨૬

રક્ષાબંધનને લઈ શહેરના માર્કેટમાં રાખડી ખરીદવા માટે બહેનોની ભીડ જોવા મળી રહી છે. આ વર્ષે રાજકોટમાં બીજી રાખડીઓ કરતા ગોલ્ડ-સિલ્વરની રાખડી ખરીદવાનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે. ચાંદી પહેરવાથી મન શાંત રહે છે અને તણાવ દૂર થાય છે. તે માટે હાલ માર્કેટમાં ચાંદીની રાખડીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. રક્ષાબંધનના દિવસે બહેન ભાઈને રક્ષા સૂત્ર બાંધીને તેના લાંબા આયુષ્ય માટે કામના કરે છે. તો બીજી તરફ બહેનોને ગિફ્ટ આપી ભાઈ તેની રક્ષાનું વચન આપે છે. આ વખતે રક્ષાબંધનનો તહેવાર ૩૦ અને ૩૧ ઓગસ્ટના રોજ ઉજવવામાં આવશે. ત્યારે રાજકોટમાં સોના-ચાંદીની રાખડી ખરીદવાનો ટ્રેન્ડ ચાલ્યો છે. રાજકોટમાં બનતી સોના-ચાંદીની રાખડી માત્ર રાજકોટમાં જ નહીં પરંતુ બહાર અન્ય રાજ્યોમાં પણ ધૂમ મચાવી રહી છે. રાજકોટના એક જવેલર્સ પાસે ચાંદીમાં ૧૦૦થી વધુ ડિઝાઈન અને સોનાની રાખડીમાં લગભગ ૨૦ ડિઝાઈન ઉપલબ્ધ છે. જેથી રાજકોટ, ગુજરાત સહિત વિદેશમાંથી પણ આ જવેલર્સને રાખડીના ઓર્ડર મળી રહ્યાં છે. ફર ગોલ્ડ જવેલર્સના સિદ્ધાર્થ સાહોલિયાએ જણાવ્યું હતું કે, ઓમ, સ્વસ્તિક, હેપ્પી બ્રધર, બેસ્ટ બ્રધર સહિતની રાખડીના વધારે ઓર્ડર મળે છે. એવું માનવામાં આવે છે કે, ચાંદીએ ચંદ્રનું પ્રતીક અને મનનું કારક છે. જેથી બહેન જો ભાઈને ચાંદીની રાખડી બાંધે છે તો ભાઈની કુંડળીમાંથી ચંદ્ર દોષ દૂર થાય છે. આ સાથે જ નબળો ચંદ્ર મજબૂત બને છે અને મન સ્થિર રહેવાની શક્યતા વધી જાય છે સાથે જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે. રાજકોટમાં અત્યારે ઓમ અને મહાદેવના પ્રતીકવાળી ચાંદીની રાખડી ખૂબ જ ધૂમ મચાવી રહી છે. એવું માનવામાં આવે છે કે, ચાંદીએ ચંદ્રનું પ્રતીક અને મનનું કારક છે. જેથી બહેન જો ભાઈને ચાંદીની રાખડી બાંધે છે તો ભાઈની કુંડળીમાંથી ચંદ્ર દોષ દૂર થાય છે. આ સાથે જ નબળો ચંદ્ર મજબૂત બને છે અને મન સ્થિર રહેવાની શક્યતા વધી જાય છે સાથે જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે. રાજકોટમાં અત્યારે ઓમ અને મહાદેવના પ્રતીકવાળી ચાંદીની રાખડી ખૂબ જ ધૂમ મચાવી રહી છે. આ વખતે માર્કેટમાં રાખડીનો આખો કોમ્બો પણ જોવા મળી રહ્યો છે.જેમ કે અટ્રેક્ટીવ બોક્સમાં ચાંદીની રાખડી, ભાઈનું મોંઢુ મીઠુ કરાવવા માટે ચોકલેટ અને કંકુ-ચોખા.એટલે આ પ્રકારની રાખડીના અત્યારે માર્કેટમાં ટ્રન્ડિંગમાં જોવા મળી રહી છે. રાજકોટના માર્કેટમાં અત્યારે ચાંદીની રાખડી તમને ૧૦૦ રૂપિયાથી લઈને ૨૦૦૦ રૂપિયા સુધીની રાખડી મળી રહેશે. જ્યારે સોનાની રાખડી ૩ હજાર રૂપિયાથી લઈને ૧૫ હજાર રૂપિયા સુધીની મળી રહેશે. એમાં પણ રાજકોટના જ્વેલર્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ રાખડીઓનો ઉપયોગ હાથમાં પહેરવાના બ્રેસલેટ તરીકે પણ થાય છે. લોકોનું કહેવું છે કે, ભાઈ અને બહેન વચ્ચે રહેલા પ્રેમની આ એક અનોખી ભેટ છે. જે ભેટ સ્વરૂપે આ રાખડી કમ બ્રેસલેટ તરીકે પણ ઉપયોગમાં લેવાય છે. જેને ખરીદવાની સાથે સાથે એક ઈન્વેસ્ટમેન્ટ પણ થઈ જાય છે. બહેનો અત્યારે રેગ્યુલર રાખડી કરતા ભાઈ માટે ચાંદીની રાખડી ખરીદવાનું વધારે પસંદ કરી રહી છે.

એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા દ્વારા પેરેન્ટસ ટોક પ્રવૃત્તિનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વાલીઓમાં રહેલા વિશિષ્ટ કૌશલ્ય અને વૈવિધ્ય પૂર્ણ જ્ઞાનથી વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય એ હેતુથી પેરેન્ટસ ટોક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓએ વિવિધ વિષયો ઉપર પોતાના વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

ચિલોડા મોટા બ્રહ્મા કુમારી સેવા કેન્દ્ર દ્વારા અલૌકિક રક્ષા બંધન પર્વની ઉજવણી

બ્રહ્માકુમારી ચિલોડા સેવા કેન્દ્ર રાજયોગીની બી.કે તારા દીદી દ્વારા રક્ષા બંધન પર્વ ની ઉજવણી અંતર્ગત ચિલોડા પોલીસ સ્ટેશન ના પીઆઈ અને સ્ટાફ તેમજ જિલ્લા કમાન્ડન્ટ વીઆર પ્રજાપતિ તથા ચિલોડા હોમ ગાર્ડ સબ યુનિટ ના ઈન્ચાર્જ ઓફિસર બિપીનચંદ્ર એમ રાઠોડ અને હોમગાર્ડ જવાનો ને રક્ષાસૂત્ર બાંધી અલૌકિક રક્ષા બંધન સાથે આશીર્વાદ પાઠવવા માં આવ્યા હતા.

સેક્ટર ૧૯ જીમખાના ખાતે સ્વિમીંગ હરીફાઈ યોજાઈ

સેક્ટર ૧૯ જીમખાના ખાતે કોરોના સમય પછી પ્રથમ સ્વિમીંગ હરીફાઇ નુ આયોજન કરવામાં આવ્યુ. ગાંધીનગર સ્વિમીંગ એસોસીએશનના દ્વારા આ હરીફાઈમાં ઉનાળાની સીઝનમાં સ્વિમીંગ શિખવા આવતા એને તેમાથી જાણકાર થયા તેવા સ્વિમર્શ વચ્ચે હરીફાઈ નુ આયોજન કરવામાં આવેલ. આ હરીફાઈમાં બાળકો તેમજ વડીલોએ તેમના એજ(ઉમર) ગ્રુપ મા ભાગલઇ હરીફાઇ ને સફળ બનાવી હતી. આ હરીફાઈના સ્પોન્સર ઇનામ આપી ૧૯ જીમખાનામા બેડમિન્ટન રમતા કેયુર સંઘવી તેમજ સ્વીમીંગ કરતા સતીષ પટેલ, ડો. મહેન્દ્રભાઈ પટેલે સ્પર્ધકો નો ઉત્સાહ વધાર્યો હતો. ગાંધીનગરના જાણીતા અને નિયમિત પણે સ્વિમિંગ કરવા આવતા વરિષ્ઠ તરવૈયાઓ એ હરીફાઇ સફળ બનાવવા માટે તેમજ ૧૯ જીમખાના ના મેનેજર, કોચ રાકેશ ભટ્ટ, ભગવાન મીલન યાદવ, અરવિંદ વાઘેલા તેમજ કર્મચારીઓ દ્વારા સફળ આયોજન કર્યું હતું